# આકાશવાણી – ભુજ

## સમાચાર વાચક: તૌફીક સમા

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

**તારીખ: 17-11-2024 રવિવાર** **સમય: સવારે: ૬:૫૦**

## PM નરેન્દ્ર - મોદી વિકાસ મોડેલ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારતને વિકસિત દેશ બનાવવો એ તેમની સરકારનું મુખ્ય ધ્યેય છે. મીડિયા સંસ્થા દ્વારા યોજાયેલી એક બેઠકમાં બોલતાં તેમણે કહ્યું કે, તેમની સરકાર લોકોનો અને લોકો થકી દેશના વિકાસના મંત્ર સાથે કામ કરી રહી છે. તેમની સરકારે રોજગાર અને વિકાસ માટેના મૂડીરોકાણની મદદથી દેશના વિકાસનું મોડેલ અપનાવ્યું છે. આના પરિણામે દેશ અને દેશના નાગરિકોનું ગૌરવ વધશે.

આસામમાં બોડો સમુદાય સાથેની શાંતિ સંધિના લીધે ત્યાંના નાગરિકોના જીવનમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. વિકાસના મંત્ર સાથે આગળ વધતી સરકારે કેન્દ્રીય બજેટનું કદ વધારીને 48 લાખ કરોડ રૂપિયા કર્યું છે. વર્ષ 2014માં બજેટનું કદ આશરે 16 લાખ કરોડ રૂપિયા હતું.

આજે દેશમાં ઉદ્યોગોને અનૂકુળ નીતિઓના કારણે દેશમાં સવા લાખ જેટલાં સ્ટાર્ટઅપ નોંધાયા છે. જેના દ્વારા યુવાનો દેશના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યા છે.

RNU AHMDAVAD

---

## મતદાર યાદી સુધારણા ઝુંબેશ

કેન્દ્રીય ચૂંટણી પંચની સુચના અને મુખ્ય ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ આજે અને ત્યારબાદ 23 અને 24મી નવેમ્બરે ખાસ મતદાર યાદી સુધારણા ઝુંબેશ હાથ ધરાશે.

આ ખાસ ઝૂંબેશના દિવસોમાં રાજ્યના તમામ મતદાન મથક ખાતે સવારે 10થી સાંજે પાંચ વાગ્યા સુધી બુથ લેવલ ઑફિસર જરૂરી ફોર્મ્સ સાથે ઉપસ્થિત રહેશે. આગામી પહેલી જાન્યુઆરી, 2025ની લાયકાતની તારીખે 18 વર્ષ પૂર્ણ કરતા હોય તેવા યુવાઓ માટે મતદાર તરીકે નોંધણી કરાવવાની આ ઉત્તમ તક છે. આ ઉપરાંત મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા-વધારા અને મતદારયાદીમાંથી નામ કમી કરાવવા ફોર્મ ભરી શકાશે.

વધુમાં ખાસ ઝૂંબેશના દિવસો સિવાય તા.28.11.2025 સુધી સંબંધિત જિલ્લા કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારીની કચેરી તેમજ મામલતદાર કચેરી ખાસે રાખવામાં આવેલી મતદારયાદીમાં પોતાનું તથા પોતાના પરિવારજનોનું નામ ચકાસી શકાશે.

ઉલ્લેખનીય છે કે, પાત્રતા ધરાવતા યુવાનો અને તેનાથી વધુ વયજૂથ ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ નોંધાવવા અંગે તથા મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવા ચૂંટણી પંચની **Voter Helpline App** અને ભારતના ચૂંટણી પંચની વેબસાઈટ **voters.eci.gov.in** તથા મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીની વેબસાઈટ **ceo.gujarat.gov.in** પરથી ઑનલાઈન પણ ફોર્મ ભરી શકશે.

RNU AHMDAVAD

---

# દિવ્યાંગ વિશ્વ પરિષદ આયોજન

દિવ્યાંગ લોકોના પ્રશિક્ષણ માટે બાબા આમ્બેડકર યુનિવર્સિટી ખાતે વિશ્વ પરિષદનું ગઈકાલે સમાપાન થયું છે. દૃષ્ટિહિનોને સમાન અધિકાર મળે અને સર્વાંગી વિકાસમાં ફાળો આપી શકે તે હેતુથી દર વર્ષે વિશ્વ કક્ષાની આ પરિષદનું આયોજન થાય છે. આ ત્રણ દિવસીય પરિષદમાં 63 દેશના 400થી વધુ લોકોએ ભાગ લીધો હતો, જેમાં 120થી વધુ જેટલા શોધપત્રો રજૂ કરાયા હતા. પરિષદ દરમિયાન વિવિધ દેશોના નિષ્ણાતોએ દિવ્યાંગોના પ્રશિક્ષણ માટે લેવાતા પગલાઓ અંગે ચર્ચા કરી હતી.

પરિષદના સમાપન પ્રસંગે અંધજન મંડળના મુખ્ય સચિવ ડૉ. ભૂષણ પુનાનીને આંતરરાષ્ટ્રીય કાઉન્સિલ ફોર એજ્યુકેશન ઑફ પિપલ વિથ વિઝ્રુઅલ ઇમ્પેરમેન્ટ દ્વારા ‘આંતરરાષ્ટ્રીય લીડરશીપ અવોર્ડ એનાયાત કરાયો હતો.

RNU AHMDAVAD

---

# રાષ્ટ્રીય ગ્રંથપાલ સપ્તાહ ની ઉજવણી

તારીખ 14 નવેમ્બરથી 19 નવેમ્બર સુધી રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી દેશભરમાં કરાય છે, એ અંતર્ગત રાજ્ય ગ્રંથાલય નિયામકની કચેરીના સંયુક્ત ઉપક્રમે ભુજના મહારાવ વિજયરાજજી આજે અને આવતીકાલે બે દિવસીય પુસ્તક મેળાનું આયોજન કરાયું છે.વર્ષ 2023-24 મા ખરીદવામાં આવેલા નવા પુસ્તકો આ પ્રદર્શનમાં પ્રદર્શિત કરાશે.

**NP/** તૌફીક સમાં

---

# દીનદયાલ પોર્ટ - બિઝનેસ મીટનું આયોજન

તાજેતર માં દીનદયાલ પોર્ટ ઓથોરિટી, કંડલાએ ગાંધીધામ ખાતે એક ઉત્પાદક બિઝનેસ મીટનું આયોજન કર્યું હતું, જેમાં કંડલા ઇન્ટરનેશનલ કન્ટેનર ટર્મિનલ (KICT), ગેટવે ડિસ્ટ્રીપાર્ક્સ અને અન્ય કન્ટેનર હિતધારકોના પ્રતિનિધિઓ સહિત મુખ્ય હિસ્સેદારોને એકસાથે લાવ્યા હતા.જેમાં સ્ટેકહોલ્ડરો સાથેની નિયમિત ચર્ચાઓ કંડલા ઇન્ટરનેશનલ કન્ટેનર ટર્મિનલ (KICT) ખાતે કન્ટેનર કામગીરીમાં નોંધપાત્ર વધારો કરશે અને વ્યવસાયને મજબૂત કરશે. કંડલા ખાતે કન્ટેનર વ્યવસાયને આગળ વધારવા માટે સહયોગી અભિગમને પ્રોત્સાહન આપતા તમામ ઉપસ્થિતોની ફળદાયી વિનિમય અને મૂલ્યવાન આંતરદૃષ્ટિ સાથે સત્રનું સમાપન થયું હતું.

પોર્ટ ના ઉપાધ્યક્ષે તમામ સહભાગીઓની સક્રિય સંલગ્નતા અને મીટિંગની સફળતામાં યોગદાન બદલ આભાર વ્યક્ત કર્યો હતો જેમાં પોર્ટના વિવિધ અધિકારીઓ અને હોદેદારો ઉપસ્થિતિ રહ્યા હતા.

NP / તૌફીક સમાં